Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKAS[H] REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४१ पोष. आत्म सं. १९. { अंक ६ ठो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ. ... ... ... | ૧૪૧ | ૬ | પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું ધર્મ સંબંધી ભાષણ. | ૧૫૩ |
| ૨ | વિદ્યાર્થી જીવન કેવું હોવું જોઇએ? | ૧૪૨ | ૭ | ગણિપદ પ્રદાનકે સમય મુનિમહારાજ શ્રી હંસવિજયજીને દિયા હુવા બોધ. ... ... ... | ૧૬૧ |
| ૩ | "મ્હારા નાથ ત્હારે આધારે." | ૧૪૭ | ૮ | વર્ત્તમાન સમાચાર. ... ... | ૧૬૩ |
| ૪ | સસ્તા ભાડાની ચાલી માટે જૈન શ્રીમંતોને અપીલ. ... ... | ૧૪૮ | | | |
| ૫ | વિવિધ વિષયો. ... ... ... | ૧૫૧ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સ[illegible] ાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના માનવંતા [illegible] ને નીચે જણાવેલા ગ્રંથો ધારા મુજબ ભેટ આપવા માટે મુકરર થયા છે.

૧ શ્રી જૈન ગ્રંથ ગાઇડ ( જૈન માર્ગ દર્શક ભોમીયો )
૨ શ્રી જંબુચરિત્ર ( ભાષાંતર )
૩ આત્મવિલાસ સ્તવનાવળી. ( જેમાં શ્રીમદ્ વિજયાનંદસૂરિકૃત ચોવીશી, ભાવના સ્તવનો તથા ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિરવિજયજી કૃત વિવિધ સ્તવનો. )
૪ શ્રી ભકિત ભાવના પ્રકાશ.
૫ શ્રી નવાણું પ્રકારી પૂજા વિસ્તારથી અર્થ સહિત.
૬ શ્રાદ્ધગુણ વિવરણમૂળ. ૭ ધર્મરત્ન લઘુ ટીકા.
૮ પંચ સૂત્ર સટીક ૯ ચંપકમાળા કથા. „
૧૦ અલ્પબહુત્ર વિચાર ગર્ભિત મહાવીર સ્તવઃ
૧૧ સમ્યકત્વ કૌમુદિ.
૧૨ સુદર્શના ચરિત્ર ( માગધી ઉપરથી સંસ્કૃતમાં અનુવાદ )
૧૩ શ્રી રોહિણી અશોકચંદ્રની કથા. ( મૂળ ) ૧૪ આચારોપદેશ ( મૂળ )

નંબર ૬ થી ૧૪ સુધીના સંસ્કૃત મૂળગ્રંથો હોવાથી તેના ખપી જૈન બંધુ ભાગ્યેજ હોવાથી પ્રથમ મુજબ આ સભાના લાઇફ મેમ્બરો જે મંગાવશે, તેને મોકલવામાં આવશે. કારણ કે તેવા મૂળ ગ્રંથો બહોળા પ્રમાણમાં તેના અભ્યાસી મુનિ મહારાજા વગેરેને તેમજ જ્ઞાન ભંડારોને સભાની જેમ તેઓની વતી ભેટ અપાયે જાય છે તેમ આ નં. ૬ થી ૧૪ સુધીના મૂળ ગ્રંથો તેમની વતી અપાશે, અને બાકીના મૂલ સંસ્કૃત સિવાયના તમામ ગ્રંથો લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી આવતા માહા સુદ ૫ થી મોકલવામાં આવશે. જેથી અમારા માનવંતા મેમ્બરો સ્વીકારી લેશે.

## આ સભા તરફથી હાલમાં નવા છપાયેલા ગ્રંથો.

| | | | |
|---|---|---|---|
| ૧ | જૈન ગ્રંથ ગાઇડ. (જૈન માર્ગદર્શક ભોમીયો) | | રૂા. ૧—૦—૦ |
| ૨ | શ્રી જંબુસ્વામી ચરિત્ર. ( ભાષાંતર ) | | „ ૦—૮—૦ |
| ૩ | શ્રાદ્ધગુણ વિવરણ. | ( સંસ્કૃત ) | „ ૦-૧૦-૦ |
| ૪ | ધર્મરત્ન લઘુ ટીકા. | „ | „ ૦-૧૨-૦ |
| ૫ | સમ્યકત્ત્વ કૌમુદિ. | „ | „ ૦-૧૦-૦ |
| ૬ | પંચસૂત્ર સટીક. | „ | „ ૦—૬—૦ |
| ૭ | ચંપકમાલા કથા. | „ | „ ૦—૬—૦ |
| ૮ | અલ્પબહુત્વ વિચાર. | „ | „ ૦—૨—૦ |
| ૯ | સુદર્શના ચરિત્ર. | „ | „ ૦—૩—૦ |
| ૧૦ | આચારોપદેશ. | „ | „ ૦—૩—૦ |
| ૧૧ | રોહિણી અશોકચંદ્ર કથા. | „ | „ ૦—૨—૦ |
| ૧૨ | શ્રી નવાણું પ્રકારી પૂજા વિસ્તારથી અર્થ સહિત | | ૦—૮—૦ |

માત્ર સંસ્કૃત ગ્રંથો જ જ્ઞાનભંડાર અને તેના અભ્યાસી મુનિ મહારાજાઓને તેઓના વિદ્યમાન ( હૈયાત ) વડિલ મુનિરાજોની લેખીત આજ્ઞાથી પોસ્ટેજ પૂરતા પૈસાનું (શ્રાવકના નામનું વી૦ પી૦ કરી મોકલવામાં આવે છે. બીજાઓને ઉપરની કિંમતથી મોકલવામાં આવશે. પોસ્ટેજ જુદું.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १२ ] वीर संवत २४४१, पोश. आत्म संवत् १९. [ अंक ६ ठो.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડીત.

જે શ્રી[1] પૂર્ણ વિકાશ પંકજ તણી સંપૂર્ણ શોભા ધરે,
જેમાં કોમળ શાંત તેજ ઝળકે પ્રાણિ દયાનું ખરે;
ચાલે નિત્ય અખંડ તત્ત્વપદની જ્યાં ધ્યાન ધારા સદા,
તે શ્રી સુંદર વીતરાગ નયને ઘો મોક્ષની સંપદા. ૧

## ગુરૂ સ્તુતિ.

### ગીતિ.

મન વચન કાય યોગે, શુભ કરવા જે મહાવ્રતો ધરતા;
જય પામો ગુરૂવર તે, ભવિજનના કર્મ કષ્ટને હરતા. ૨

---

૧ શોભાથી પૂર્ણ વિકાશ પામેલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * વિધાથ[redacted]ે કેવું હોવું જોઇએ?

અને

## તેને હિતકર તેમજ માર્ગસૂચક શું છે?

યોજક—મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજ, મ્હેસાણા.

(ગતાંક પૃષ્ટ ૧૨૨ થી શરૂ.)

મનની કેળવણીનો મતલબ જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે, વસ્તુસ્વભાવથી જ્ઞાત થઇ મનને જ્ઞાનદ્વારા દૃઢ, નિર્મળ અને ઉન્નત કરવું જોઇએ. જગત્‌ની અંદર મનુષ્યપણું પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય ફક્ત જ્ઞાન–પ્રાપ્તિ માટે જ છે. જ્ઞાનદ્વારા મનુષ્ય ઉન્નત થાય છે, અને મોક્ષપદ પણ પ્રાપ્ત કરી શકે છે. તેથી સંસારની અંદર જો કોઇપણ સારતત્ત્વ હોય તો તે ફક્ત જ્ઞાન જ છે. જ્ઞાનની શાખાઓ મુખ્ય બે ભાગોમાં વ્હેંચાયલી છે. એક આધિ ભૌતિક અને બીજી આધ્યાત્મિક આધિભૌતિક એટલે સંસારના બાહ્ય પદાર્થોના સ્વરૂપથી જ્ઞાત થવું તે. અને આધ્યાત્મિક એટલે પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન મેળવવું તે. આ બેને સામાન્ય રીતે વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીના નામથી ઓળખવામાં આવે છે. મનુષ્ય માત્રને આ બન્ને પ્રકારની કેળવણી લેવાની આવશ્યકતા છે. એ બન્ને વિના મનુષ્ય પોતાની વાસ્તવિક ઉન્નતિ નથી કરી શકતો. વ્યાવહારિક જ્ઞાન વિના કેવળ ધાર્મિક જ્ઞાનમય જીવન આંધળું છે, અને ધાર્મિક જ્ઞાનના અભાવવાળું કેવળ વ્યાવહારિક જ્ઞાનમય જીવન પાંગળું છે, માટે બન્ને પ્રકારના જ્ઞાન પ્રાપ્ત કરવાની મનુષ્ય માત્રની પૂર્ણ ફરજ છે.

પૂર્વકાળમાં આપણો પરમપવિત્ર આર્યવર્ત્ત દેશ સભ્યતાની શિખરે પહોંચ્યો હતો. સંસારમાં જેટલું જ્ઞાન–વ્યાવહારિક તેમજ ધાર્મિક આજે વિદ્યમાન છે, તે બધાનું મૂળ કારણ આર્યવર્ત્ત જ છે. આ દેશમાંથી જ દુનીયાના બધા દેશોમાં જ્ઞાન ફેલ્યું છે, પૂર્વકાલના આર્યદેશવાસી મનુષ્યોને વ્યાવહારિક અને ધાર્મિક બન્ને પ્રકારનું શિક્ષણ સાથે જ આપવામાં આવતું હતું. તે સમયના ભારતવાસીઓ બન્ને પ્રકારના શિક્ષણમાં પૂર્ણ થઇ પછી જ પોતાના જીવનકાર્યમાં પ્રવૃત્ત થતા હતા. પરંતુ કાલની ગતિ વિચિત્ર છે તે કોઇને પણ સદા એક સ્થિતિમાં રહેવા નથી જ દેતો, તેણે પોતાનો અમલ ભારત દેશવાસીઓ ઉપર પણ ચલાવ્યો. ધીમે ધીમે ભારતવર્ષીઓ પતિત થવા લાગ્યા, તેમનું તેજ, શૌર્ય, બલ અને

* શ્રી મ્હેસાણા શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળાના વિદ્યાર્થીઓ સમક્ષ વિદ્વદ્વર્ય શાસ્ત્રીજી સુખલાલ સંઘજીની વિનંતિ ઉપરથી કારતક વદી ૧ ના રોજ મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજે આપેલું વિદ્વત્તા ભરેલું ભાષણ.

For Private And Personal Use Only

જ્ઞાન વિગેરે બધા નાશ પામવા લાગ્યા, અને આપણા ભારતવર્ષ ઉપર અજ્ઞાનનું વાદળ છવાઇ ગયું. સેંકડો વર્ષ સુધી આવીને આવી અંધકારની જ રાત્રી રહી. સુભાગ્યે પશ્ચિમનો સંસર્ગ થયો અને ભારતવાસીઓ પાછા જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ પ્રવૃત્ત થવા લાગ્યા. અને કાળની વિષમતાને લીધે દેશમાંથી ધર્મભાવના નષ્ટ થવા લાગી. જીવન–કળહની વિષમતાના લીધે લોકો ધાર્મિક શિક્ષણ તરફ બેદરકારી થવા લાગ્યા. આપણી જૈનકોમ મુખ્યત્વે વ્યાપારી કોમ હોવાથી બીજી કોમો કરતાં સ્વાભાવિક રીતેજ તેની ઉચ્ચ પ્રતિનું જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ ઉપેક્ષા હોવાથી અને ત્હેમાં વળી ઉપરોક્ત કારણ મળી જવાથી ધાર્મિક જ્ઞાનમાં વિશેષ રૂપથી ક્ષતિ થવા લાગી. એ સ્થિતિ જોઇ કેટલાક ધર્મ–પ્રિય પુરૂષોનું લક્ષ્ય એ દિશા તરફ ખેંચાણું, અને તેના પરિણામમાં આ ત્હમારી પાઠશાળા જેવી સંસ્થાઓ ઉદ્ભવી.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ધાર્મિક શિક્ષણ જ આપવાનો છે. કારણ કે વ્યાવહારિક શિક્ષણ માટે તો દેશમાં ઘણા સાધનો અને સંસ્થાઓ છે, પરંતુ ધાર્મિક શિક્ષણ માટે ત્હેવી કશી વ્યવસ્થા નથી. એ ધાર્મિક શિક્ષણનો લાભ લેવા માટે કેટલાક કારણોથી પ્રેરાઇ ત્હમે આ પાઠશાળાના વિદ્યાર્થી બન્યા છો, અને તે ઘણી પ્રશંસાની વાત છે. આત્મિક ઉન્નતિ ઇચ્છનારા દરેક મનુષ્યને ધાર્મિક શિક્ષણ લેવાની અત્યન્ત જરૂર છે. એમાં કોઇ ના કહી શકશે નહિ, કારણ કે તેના વિના આત્મિક ઉન્નતિ થઇ શકે તેમ નથીજ. પરંતુ સાથમાં, ઉપર જે વ્યવાહારિક શિક્ષણ માટે કહેવામાં આવ્યું છે, તે વાત પણ ત્હમારે ભૂલી નહિ જવી જોઇએ. આત્મિક જીવનને ઉજ્જવલ બનાવવા માટે પણ વ્યાવહારિક શિક્ષણની તેટલી જ જરૂર છે, કે જેટલી ધાર્મિક શિક્ષણની છે. કારણ કે ધાર્મિક જીવન પણ ત્હમે ઘણું કરી વ્યાવહાર દશામાં જ રહીને વિતાડવાના છો અને એ વ્યાવહાર દશાને વિશુદ્ધત્તર બનાવવા માટે વ્યાવહારિક જ્ઞાનની પૂર્ણ આવશ્યકતા છે. આત્મિક ઉન્નતિ કરવી તથા ધાર્મિક જીવન ગાળવું, એનો અર્થ એટલો જ નથી કે ઉપાશ્રયમાં બેસીને ફકત માળા ફેરવ્યા કરવી. ખરી આત્મિક ઉન્નતિ તો તેનું જ નામ છે કે, જેના દ્વારા પોતાના ધર્મનો ઉત્કર્ષ થાય, સમાજની ઉન્નતિ થાય અને દેશનું ભલું થાય. પોતાની શક્તિ અનુસાર નિષ્કામ ભાવે પરોપકાર ( કરવો ) એજ ખરૂં ધાર્મિક જીવન છે. વર્તમાન–કાલમાં આપણા જૈન ધર્મની સ્થિતિ ઘણી જ શોચનીય દશામાં છે. ભારત વર્ષની બધી કોમો કરતા આપણી જૈન કોમ ઘણી જ પાછળ પડેલી છે. એવી અવસ્થામાં ત્હમારા જેવા વિદ્યાર્થીઓ જો પુરૂષાર્થ ફેરવે અને સમાજોદ્ધાર કરવાની શક્તિ પ્રાપ્ત કરી, ધર્મની અને કોમની ઉન્નતિ કરવા તરફ લક્ષ્ય ખેંચે તો ઘણું સારૂં ફળ પ્રાપ્ત થઇ શકે છે. ત્હમારામાંના કેટલાકોનો આ ધાર્મિક કેળવણી પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ શિક્ષક થવાનો છે. પરંતુ શિક્ષક કોણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

અને કેવી શક્તિવાળો થવા [illegible] સંબંધી જ્ઞાન ત્હમને બહુ જ અલ્પ છે. શિક્ષક શબ્દમાં બહુજ મહત્વ રહેલું છે. સંસારમાં સૌથી ઉંચી પદ્દવી શિક્ષકની છે. દરેક ધર્મ, દરેક સમાજ અને દરેક દેશની ઉન્નતિ અને અવનતિ તેના શિક્ષકો ઉપર જ અવલંબી રહેલી છે, જે ધર્મ, જે સમાજ અને જે દેશના શિક્ષકો પરોપકારી, સદાચારી, પૂર્ણ ઉત્સાહી અને ઉચ્ચ પ્રતિના વિદ્વાનો હોય છે, તે ધર્મ, સમાજ અને દેશ જ સભ્ય, ઉત્તમ અને ઉન્નત કહેવાય છે. કારણ કે શિક્ષકોમાં જેવું જ્ઞાન અને ચારિત્ર હશે, તેવું ત્હેમના શિષ્યોમાં, ત્હેમની પાસે અભ્યાસ કરનારાઓમાં પણ આવશે, એ વાત આખા જગતૂના અનુભવમાં છે. એવી સ્થિતિમાં ત્હમે વિચારી શકશો કે શિક્ષકોનું સ્થાન કેવા મહત્વવાળું છે, શિક્ષકો પરોપકાર કરી પોતાની અને બીજાની જેટલી ઉન્નતિ કરી શકે છે, તેટલી બીજો કોઇ પણ મનુષ્ય નથી કરી શકતો. શિક્ષક થવાને લાયક તે જ મનુષ્ય છે કે જે વ્યાવહારિક અને ધાર્મિક જ્ઞાનમાં પ્રવીણ હોય, ઘણો અનુભવી હોય ત્હેમાં પણ ધાર્મિક શિક્ષકને તો ઉક્ત બન્ને પ્રકારના જ્ઞાનની વિશેષ આવશ્યક્તા છે. કેમકે ત્હેનું કાર્ય મુખ્ય, સમાજને ધાર્મિક શિક્ષણ આપવાનું છે. ધાર્મિક શિક્ષણની વ્યાખ્યા બહુજ વિસ્તૃત અને ગહન છે. જીવવિચાર, નવતત્ત્વ કે કર્મગ્રંથની ગાથાઓ મોઢે કરાવી દેવી એનું નામ જ ધાર્મિક શિક્ષણ નથી. એટલા પુરતા જ્ઞાનજથી મનુષ્યો ધર્મવાન્ કહી શકાતા નથી. ધાર્મિક શિક્ષણ તેનું નામ છે કે જેના વડે મનુષ્ય સદાચારી, નીતિવાળા અને પરોપકારી થાય. સચ્ચારિત્રવાળા મનુષ્યો જ ધાર્મિકોની પંક્તિમાં આવી શકે છે. પોતાનું આત્મ–સાધન કરી શકે છે, અને બીજાનું હિત સાધી શકે છે. આવા પ્રકારનું શિક્ષણ તે જ શિક્ષક આપી શકે કે જે વ્યાવહારિક અને ધાર્મિક ગૂઢ તત્ત્વોને સારી પેઠે સમજતો અને જાણતો હોય, એવા શિક્ષકો જ સમાજને ઉપકારી અને સન્માનનીય થાય છે. આ કથનથી ત્હમે વિચારી શકશો કે વ્યાવહારિક જ્ઞાનની ત્હમને કેટલી આવશ્યક્તા છે ?

ધાર્મિક જ્ઞાન પણ ત્હમે જેટલું અને જેવા પ્રકારનું મેળવવા ચાહો છો તથા મેળવો છો તે ત્હમારૂં વાંચ્છિત જે શિક્ષક પદ છે તેને પુરતું નથી. પંચપ્રતિક્રમણ તથા જીવવિચારાદિ પ્રકરણો ભણી ગયા એટલે ધાર્મિક જ્ઞાન પુરૂં થઇ ગયું એમ સ્હમજશો નહિ. એ તો ઉકત ધાર્મિક જ્ઞાનનું એક ગૌણ અંગ છે. ધર્મના ગૂઢ રહસ્યો, ધર્મનું મહત્વ અને ધર્મની સ્થિતિ સ્હમજવા માટે તો અન્ય પ્રકારના શિક્ષણની જરૂરીયાત છે. વાસ્તવિક અને વિશાળ ધાર્મિક જ્ઞાન મેળવવા માટે તત્ત્વ ઇતિહાસ, નીતિ અને વિજ્ઞાન ગ્રંથોનો અભ્યાસ કરવો જોઇએ. જૈન ધર્મના મૂળ તત્વો, જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ, જૈન શાસ્ત્રોની નીતિ પ્રણાલીકા અને જૈનાચાર્યોએ કરેલું પદાર્થ નિરૂપણ–એ બધુ જાણી શકાય ત્યારેજ ખરૂં ધાર્મિક શિક્ષણ મેળવ્યું કહેવાય. એવા પ્રકારના શિક્ષણથીજ કાંઇક ઉન્નતિ થઇ શકશે. વર્ત-

માન કાળમાં સંયોગો બહુજ જુદા પ્રકારે ઉ[illegible] છે. આગળના મનુષ્યો વિશેષ પ્રકારનું વ્યાવહારિક જ્ઞાન નહિ મેળવીને પણ પોતાનો વ્યવહાર સારી પેઠે ચલાવી લેતા હતા. વ્યપાર ધંધામાં વિશેષ અડચણો નહોતી પડતી પરંતુ હાલના બુદ્ધિવાદના સૂક્ષ્મ જમાનામાં ત્હેમ ચાલી શકે એમ નથી. હાલના મનુષ્યોને પોતાનો વ્યવહાર સુવ્યવસ્થ અને ઉત્તમ પ્રકારે ચલાવા માટે વિશેષ કેળવણીની અત્યાવશ્યકતા રહે છે. એટલા માટે દેશની પ્રજાને, એ વિશેષ પ્રકારની કેળવણી લેવી પડે છે અને ભવિષ્યમાં એનાથી પણ વધુ લેવી પડશે. વર્ત્તમાનમાં જે પ્રકારની કેળવણી પ્રજાને મળે છે, તે બધી પાશ્ચાત્ય દેશોના અનુકરણવાળી છે. તેથી ત્હેમાં પોત પોતાના ધાર્મિક તત્ત્વ બહુજ અલ્પ છે. તથા નવીન વિજ્ઞાન વાદના સિદ્ધાન્તો ભરપૂર છે. વિજ્ઞાન વાદના સિદ્ધાન્તો દેખીતી રીતે ધાર્મિક સિદ્ધાન્તોથી બહુજ જુદા પડે છે. પરંતુ તે બધા પ્રત્યક્ષ પ્રમાણ અને પ્રયોગ ગમ્ય હોવાથી મનુષ્યોની બુદ્ધિ શકિત ઉપર ઝટ અને સજ્જડ અસર કરે છે; તેથી ધીમે ધીમે તેના અભ્યાસીઓની શ્રદ્ધા પોતાના ધર્મ ઉપરથી ઓછી થાય છે. એવી સ્થિતિમાં ત્હેમને ધાર્મિક શિક્ષણ એવા પ્રકારનું મળવું જોઇએ કે જેથી તેઓ પોતાના પવિત્ર ધર્મના ગૂઢ રહસ્યો સારી પેઠે સ્હમજી શકે. ધર્મની આવશ્યકતા જાણી શકે અને ત્હેની ઉપયોગિતાનો ખ્યાલ લાવી શકે. એવું શિક્ષણ તે જ મનુષ્ય આપી શકે કે જેણે ઉપરના વિજ્ઞાનવાદના સિદ્ધાન્તો ઉપરાંત ધર્મના સત્ય તત્ત્વોનો સારી પેઠે અભ્યાસ અને અનુભવ કર્યો હોય, કોરી કર્મગ્રંથની ગાથાઓથી કાંઈ ગરજ સરે તેમ નથી.

એક તરફ આવી સ્થિતિ છે, અને બીજી તરફ જ્યહારે ત્હમારા જ્ઞાન અને સાધ્ય તરફ જોઇએ છીએ ત્યહારે એ વિષમતા ચિત્તને ખેદ કર્યા શિવાય બીજું કશું કરતી નથી. ત્હમને ત્હમારા સાધ્યના સ્વરૂપની પણ પૂરી ખબર નથી. ત્હમારા ધર્મના મૂળ સિદ્ધાન્તોનું યથાર્થ રહસ્ય પણ જાણતા નથી. જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસ અને વૈભવથી પણ ત્હમે અજ્ઞાત જ છો તો પછી વિજ્ઞાનના સિદ્ધાન્તોના જ્ઞાનની આશા રાખવી એ તો આકાશ કુસુમની ઇચ્છા જેવી જ ગણાય.

બન્ધુઓ, એ બધી વાતો ત્હમારે અવશ્ય વિચારવાની અને મનન કરવાની છે. આમ થવું ને તેમ થવું એ ફકત મનોમોદક જ છે, એમ નહીં સમજતાં. પરંતુ ઉદ્યમ અને ઉત્સાહવડે એ બધું સિદ્ધ થાય તેમ છે. જો ત્હમારા મનમાં એવી દૃઢ ભાવના જ કરી લ્યો કે આપણે કોઇ સારી શક્તિ પ્રાપ્ત કરી જગત્માં અવશ્ય કોઇ કામ અને નામ કરવું જ જોઇએ, તો તે પ્રમાણે અવશ્ય કરી શકો છો. ઉત્સાહ અને ઉદ્યમ આગળ કોઇપણ કાર્ય અશકય છે જ નહીં. ત્હમારા મનમાં સદા તેવી મહત્ત્વાકાંક્ષા રાખો. કોઇપણ રીતે ઉચ્ચપદ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખો. મનમાં અકિંચિત્કર ભાવ નહીં રાખો. અમે શું કરી શકીએ અથવા

અમારાથી શું થઇ શકવાનું [illegible] પ્રકારની આત્મઘાતિની વૃત્તિ મનમાંથી કહાડી નાંખો, અને અમે પણ મનુષ્ય છીએ, અમારી અંદર પણ અશુભ એવી અનંત મહાન્ શક્તિઓ રહેલી છે. અન્ય મહા પુરૂષોની માફક અમે પણ પુરૂષાર્થ ફેરવી શકીએ છીએ એવી ઉન્નત ભાવના રાખો. જો ત્હમારા મનમાં એવી મહદિચ્છા રમી રહેશે તો ભવિષ્યમાં અવશ્ય તે ઇચ્છા સફળ થવા પ્રસંગ આવશે. કારણકે જ્યારે મનુષ્ય કોઇપણ વસ્તુની પ્રાપ્તિની માટે દૃઢ મનોબળ અને ઉચ્ચ અભિલાષા રાખે છે તો કાલાંતરે તે વસ્તુની પ્રાપ્તિ તેને અવશ્ય થાય છે. એ એક સામાન્ય પણ સત્ય નિયમ છે. કારણકે જ્યારે મનુષ્યના મનમાં અમુક વસ્તુ મેળવવાની દૃઢ પ્રેરણા થાય છે. ત્યારે તેને પ્રાપ્ત કરવા માટે તે અનેક પ્રયત્નો કરવા માંડે છે. પ્રયત્નો વડે સાધ્ય નહીં થાય એવું તો કાર્યજ જગત્‌માં ક્યું છે? જગત્‌ના ઇતિહાસના અવલોકનથી જણાય છે કે પ્રથમાવસ્થામાં નિર્માલ્ય અને નકામા ગણાતા એવા અસંખ્ય મનુષ્યો ઉચ્ચ અભિલાષા અને સતત્ પ્રયત્નવડે ઉત્તરાવસ્થામાં મહાન્ મહાન્ પદો મેળવ્યા છે. પોતાના વિશિષ્ટ કૃત્યોદ્વારા દુનિયામાં પોતાનું અમર નામ કરી ગયા છે. સેંકડો અને હજારો વર્ષ વીત્યા છતાં અસંખ્ય મનુષ્યોના હૃદયમાં અને મ્હોંમા આજે પણ તેમનું નામ અને કામ તાત્કાલિકની માફક રમી રહેલું છે.

"સ્કોટલંડના અનાથાલયમાં એક છોકરો રહેતો હતો. બીજા છોકરાઓની માફક તે પણ તોફાની, હઠીલો અને મસ્તીખોર હતો. એક દીવસે અનાથાલયના મેનેજરે કોઇ કસુર બદલ તે છોકરાને ઠપકો આપ્યો તેથી તે રિસાઇ અનાથાલયમાંથી ન્હાસી ગયો. રસ્તાના ગામડાઓમાં ભીખ માંગતો માંગતો તે લંડન શહેરમાં આવી પહોંચ્યો. અને ત્યાંના એક મ્હોટા પૈસાદાર લોર્ડમેયરના બગીચામાં ફરવા લાગ્યો. ( લોર્ડમેયર બહુધા એટલા તો શ્રીમંત હોય છે કે તે સરદારો અને રાજાઓને પણ જરૂરના વખતે પૈસા ધીરે છે ) આ છોકરો બગીચામાં ફરતો હતો એટલામાં એક બીલાડી ત્હેની નજરે પડી. તેને પકડી તેની સાથે તે રમવા લાગ્યો, અને મ્હોઢેથી તેની સાથે ગમે તેમ વાતો કરવા લાગ્યો. તેને થાબડવા અને પુંછડી પકડી ખેંચવા લાગ્યો અને છોકરાઓના સ્વભાવ પ્રમાણે અટકચાળા કરી તે બીચારીને સતાવવા લાગ્યો. પાસે જ એક દેવળનું ઘડિયાળ વાગતું હતું છોકરો પેલી બીલાડીને પૂછવા લાગ્યો કે, આ ઘેલું ઘડિયાળ શું બકે છે? ( ઘેલું એટલા માટે કે ઘડિયાળો ચાર, આઠ અને બહુ તો બાર વાગીને અટકે છે, પરંતુ આ ઘડીયાળ [ઘંટ] તો ગાંડાની માફક વાગ્યા જ કરતું હતું. ) બીચારી બીલાડી ઘડિયાળના અવાજમાં શું સમજે? છોકરે બીલાડીની વતી પોતે જ જવાબ આપ્યો કે, ટન્ ટન્ ટન્ વિટંગટન્ વિટંગટન્ (યાદ રાખજો કે તે છોકરાનું નામ વિટંગટન્ હતું. ) ટન્ ટન્ ટન્ વિટંગટન્ વિટંગટન્ લોર્ડમેઅર ઓફ લંડન અ-

ર્થાત્ તે છોકરાએ પોતાની મેળે જ એવો જ[illegible]યો કે, આ ઘડિયાળ એમ કહે છે કે લંડન શહેરનો લોર્ડમેઅર આબિટંગટન્ છ. જુઓ! અનાથાલયમાંથી ન્હાસી આવેલા આ ન્હાના સરખા ભિખારીના છોકરાએ પોતાની ઇચ્છા કયાંસુધી પ્હોંચાડી? એનો જરા વિચાર કરો! ઘડિયાળના અવાજમાં પણ પોતે લોર્ડમેયર થશે, એવું ગીત ત્હેને સંભળાતું હતું; એ છોકરો આવી રીતે જ્યારે તે બીલાડી સાથે રમતો હતો, તેટલામાં તે બગીચાનો માલીક લોર્ડમેયર ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. તેણે એ છોકરાને પૂછ્યું કે 'અરે, તું કોણ છે? અને શું બકે છે?' છોકરો આનંદથી પણ ઉચ્છૃંખલતાથી જવાબ આપ્યો કે 'લોર્ડ મેયર ઓફ લંડન, લોર્ડ મેયર ઓફ લંડન' એટલા છોકરા ઉપર કોણ ગુસ્સે થાય? ઉલટું તેનું સ્વચ્છંદી અને તોફાની વર્ત્તન જોઈ લોર્ડમેયર ખુશ થયો. લોર્ડમેયરે પૂછ્યું કે અલ્યા તું નિશાળે જશે કે! છોકરાએ એના જવાબમાં કહ્યું કે જો માસ્તર નહીં મારે તો જ!

તે છોકરાને નિશાળે મૂકવામાં આવ્યો. નિશાળમાં ભણતાં ભણતાં આગળ જઈને કોલેજની પણ પરીક્ષાઓ પાસ કરીને આખરે તે ગ્રેજ્યુએટ થયો. એટલામાં લોર્ડમેયરનો મરણકાળ સમીપમાં આવ્યો. તેને કંઇ ફરજંદ હતું નહીં તેથી પોતાની અપાર સંપત્તિનો મ્હોટો ભાગ તે છોકરાને આપી લોર્ડમેયર મરણ પામ્યો. આ છોકરો પોતાની સંપત્તિ વધારતો વધારતો એક દિવસે તે પોતેજ 'લોર્ડ મેયર ઓફ લંડન' બન્યો હતો. લોર્ડમેયરની યાદીમાં આજે તેનું નામ વિદ્યમાન છે.

સ્વામીશ્રી રામતીર્થ કહે છે કે—"આ જગત્ અને ત્હેની સાથે આપણો સંબંધ, આપણી હિમ્મત અને મનોભાવના પ્રત્યુત્તર જેવો છે. વિટંગટન્‌ની હિમ્મત ન્હાનપણથી મ્હોટી હતી અને તેના મનના ભાવ ઉચ્ચ હતા તો તે પ્રમાણે ત્હેને ફળ મળ્યું. ઇચ્છા પ્રમાણે જ ફળ મળે છે. મનમાં હોય તેવું મળે અને વાવ તેવું લણે."

અપૂર્ણ.

## "મ્હારા નાથ ત્હારે આધારે."

### ગઝલ—કવ્વાલી.

ડુબેલો છું મહા દરિએ, ત્હમે તારો મ્હને તારો!
 દયાળુ હે! દયા લાવી, મને તારો ત્હમે તારો!
શરણ હું આપને આવ્યો, કૃપાળુ નાથ તું કહાવ્યો!
 કૃપા લાવી જરી પ્યારા, ત્હમે તારો મ્હને તારો!
દુઃખી છું હું અહો! ભારી, નથી જોડી કીંહા મારી!
 ઉગારો આફતે આવી, મને તારો ત્હમે તારો!

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરણુ ના આપ[illegible], કદી મ્હેં અંતરે લીધો !
રહેમ લાવી પ્રભો ! થોડી, ત્હમે તારો મ્હને તારો !
નથી આધાર વિણુ તમની, પુરે ના આશ કો મનની !
હૃદયની વાંચ્છના એ–કે, મ્હને તારો તમે તારો !
બચાવે નાથ કુણુ બીજો, તમારા વિણુ તે કો'ને !
ભરોંસો કયાં નથી મ્હારે, તમે તારો મ્હને તારો !
અરજ છે આજ એ મ્હારી, હૃદયમાં આપ લ્યો ધારી !
સુ–"દામે" દાશ જાણીને, મ્હને તારો ત્હમે તારો !

પ્રયોજક—**લલીતાંગ.**

## ગરીબ અને વચલા વર્ગના જૈનો માટે મુંબઈમાં સસ્તા ભાડાની ચાલીઓની અગત્યતા

### તે માટે

# જૈન શ્રીમંતોને અપીલ.

વર્તમાનકાળના મહાત્મ્યને લીધે કે મનુષ્યોના વ્યવહાર વ્યપારમાં પ્રમાણિકપણું કે સદવર્તનની ખામીને લીધે તેમજ દિવસાનુદિવસ આપણા દેશમાં વ્યાપારમાં, ઉદ્યોગ, હુન્નરની થતી અવન્તીને લીધે નાના મોટા ગામ યા શહેરમાં અનેક માણુસો બીન રોજગારી થતા હોવાથી માત્ર પોતાના કુટુંબની આજિવીકા માટે કુટુંબોથી છુટા પડી, મોટા ભાગે તેવા મનુષ્યોનું લક્ષ મુંબઈ કે જ્યાં બહોળા વેપાર ધંધાનું કેન્દ્રસ્થાન હોઈ ત્યાં દોરાતું જાય છે. આવા બીન ધંધા રોજગારી મનુષ્યોને લાગવગ કે વેપારી અગવડતાના અભાવે ઘણી મુશીબતે નોકરીનો ધંધો મળી શકે છે અને દરેક ગામ અને નાના શહેરમાંથી અનેક મનુષ્યો અહીં ધંધાર્થી આવતા હોવાથી આપણી કોમના મનુષ્યને તેટલી નોકરીની જગ્યા ન મળવાથી સંખ્યાબંધ જૈનોને નીશધાર ભટકવું પડે છે.

મુંબઈ શહેરમાં જગ્યાની તંગાસ અને ભાડાની મોંઘવારી એટલી બધી વધી પડેલ છે કે સુવાની જગ્યા પણ મળવી મુશ્કેલ પડે છે. આવી દુઃખદ્ર સ્થિતિ વચ્ચે એક વ્યકિતને મહા મુશીબતે જમવા પુરતા પૈસા મેળવી વીસીમાં ( જ્યાં તંદુરસ્તી સચવાય તેવું ભોજન ભાગ્યે જ હોય છે ત્યાં ) જમી કુટુંબથી અલગ રહી જ્યાં ત્યાં રાત્રિ ગુજારે છે. આવા કારણથી શરીરની હાનિ થતાં અનેક કિંમતી જાનો ( રત્નો ) મરણને શરણ થાય છે. જેનો દોષ કેટલાએક ત્યાંના હવા પાણીને આપે છે. જો કે કેટલાક અંશે તે પણ હશે પણ બહોળા પ્રમાણમાં ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રની સ્થિતિ હોવાથી શ્રીમંતોને તેનો ખ્યાલ ક્યાંથી આવે ! કે તેવાઓની હાડમારી કયાંથી જોઇ કે જાણી શકે ?

નવાઈની વાત તો એ છે કે જ્યારે અપંગ, લૂલા, પાંગળા, જનાવરો, પશુ પક્ષીઓ માટે હજારો કે લાખોને ખરચે પાંજરાપોળો કરાવીએ છીએ, તેના નિભાવ માટે અનેક પ્રયત્નો કરી પૈસા એકઠા કરીએ છીએ. અને નિરાધાર જાનવરોના રક્ષણ માટે અનેક યત્નો દયાની ખાતર કરીએ છીએ, ત્યારે આપણે આપણા નીરાધાર અને હાડમારી ભોગવતા જૈન બંધુઓ જેઓને ખોરાક અને રહેવાની સગવડ વગર દરવર્ષે સેંકડો હજારોની સંખ્યામાં પોતાના કિંમતી પ્રાણ ખોવે, તે જૈન ધર્મનો દાવો ધરાવનાર અને દયાળુપણાના પ્રથમ પંકતિએ બીરૂદ ધારણ કરનારાઓએ કાંઇપિણ કર્યું છે ! જેને માટે ખરેખર આ બનાવ ખેદયુક્ત છે.

આવા આશ્રય વીનાના અને માંડ માંડ ઉદર પોષણ કરનાર બંધુઓ માટે મકાનની વધતી જતી મોંઘવારી લઇને કુટુંબ સાથે તો શું પણ એકલા રહેવું પણ પરવડી શકતું નથી તેથી ગમે તેવા સ્થળે રાત્રિ ગુજારે છે. આવી સ્થિતિ તેજ ખરેખર હાડમારી છે.

મુંબઇમાં અનેક શ્રીમંતો છતાં અને મકાનોની માલીકી ધરાવનારા છતાં તેમજ અનેક ધર્માદા ફંડના માલેકો છતાં પોતાની મીલ્કત, વ્યાપાર અને ધીરધારમાં અનેક રસ્તે લૂંટાય છતાં, આવા કાર્યોને માટે પોતાનો પૈસો કે પોતાની મીલ્કતનાં બીલ્ડીંગો તૈયાર કરાવી સરાફી વ્યાજ ઉપજી શકે તે રીતે સસ્તા ભાડાથી સામાન્ય જૈનોને રહેવાની સગવડ કરી આપવા તેવા ગૃહસ્થોનું લક્ષ ખેંચાતું નથી. અને આ બાબત અનેક વખત અનેક વર્તમાન પત્રોમાં ચર્ચાયાં છતાં જૈનાની આંખ ઉઘડતી નથી. જે ખરેખર દીલગીર થવા જેવું છે.

સાંભળવા પ્રમાણે મુંબઇમાં વસ્તા શ્રીમંત પારસી ગૃહસ્થોએ કપોળ શ્રીમંતોએ હાલાઈ ભાટીઆઓએ પોતાના જ્ઞાતિ બંધુઓની આવી અગવડ અને હાડમારી દુર કરવા માટે ગીરગામના રસ્તા ઉપર આવી સસ્તી ભાડાની ચાલીચો બનાવી પોતાના જ્ઞાતિ ભાઇઓ ઉપર ગુજરતી હાડમારી દફે કરી છે, તો જે કોમ દયાળુપણાને માટે ખાસ પ્રથમ માન ધરાવનારી છતાં, જેના હાથમાં બહોળો વેપાર અને લક્ષ્મી છતાં પોતાના ધર્મબંધુ માટે આખમીંચામણા કરે અને તેઓની દુઃખદ સ્થિતિ ઉપર લક્ષ ન આપે તો જૈનો માત્ર દયા–દયાના પોકાર કરનારા જ છે; એવું જો ઇતર કોમ કહે તો તે અયોગ્ય કેમ ઠરાવી શકાય ! લાડી, વાડી અને ગાડીના શોખીનો અને પુદ્‌ગલાનંદી જૈન બંધુઓને પોતાના બંધુઓની શું સ્થિતિ છે, તેને કેવી જાતની હાડમારી ભોગવવી પડે છે તેનો અભ્યાસ કરવાની શું જરૂર ???

જૈન શાસ્ત્રકારોએ સાત ક્ષેત્રમાં પોતાના સ્વધર્મી બંધુનો પણ સમાવેશ ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેલો છે, છતાં માત્ર એક બે [illegible]વ્ય, જ્ઞાનદ્રવ્ય વગેરે ) જેવા ખાતાઓ કે જ્યાં હજારો લાખો રૂપીયા સીલીક છે, છતાં તેમાં દિવસાનુદિવસ વૃદ્ધિ કરતા જાય છે અને જેને માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે જે ખાતું સીદાતું હોય તેના ઉપર પ્રથમ લક્ષ આપવું, તેનો કોઇ ભાવ પૂછતું નથી. માત્ર તેવી મિલ્કતોની વૃદ્ધિ કરી તેના ટ્રસ્ટીઓ વહીવટ ચલાવનારાઓ પોતાની સત્તા વધારે વધારે જમાવી પૈસા કેમ વધારે થાય તેવી ધારણા રાખે છે. અને તેવા પૈસાનો જે રીતે વ્યય થવો જોઇએ, તેમ વ્યય તો કરતા નથી. પરંતુ પોતાની સત્તા બરાબર સાચવી રાખી, તેવી લક્ષ્મીની વૃદ્ધિ કરે છે. જેનું પરિણામ આપણે બીજી રીતે આવેલું ઇતિહાસની દષ્ટિથી ઘણી વખત જાણેલું છે. એક કાલ એવો હતો કે દેવદ્રવ્યની અતિ જરૂરી હોય કે તે વખતે તેની વૃદ્ધિનો માર્ગ સુચવાય. તો બીજી વખતે બીજા જે ક્ષેત્રને પોષણની જરૂર હોય તેની વૃદ્ધિ માટે શું પ્રયાસ નહિ થઇ શકતો હોય ? શાસ્ત્રકારના કથન પ્રમાણે તો જે કાલમાં જે ક્ષેત્રના પોષણની જરૂર હોય, તેને મુખ્ય કરી બીજાને ગૌણતામાં રાખવા જોઇએ; તેમ છતાં જરૂરીયાતવાળા ક્ષેત્ર ઉપર દુર્લક્ષ આપવામાં આવે અને જેની મુખ્ય તરીકે જરૂરીયાત ન હોય તેની જ વૃદ્ધિ કરે જાય, અને તે બાબતમાં અન્ય મનુષ્યનો કાંઇ ઉપરોક્ત વિચાર બતાવે તો દેવદ્રવ્યનો નાશ કરે છે, અનંત સંસારી છે એવા ધૃષ્ટતા ભરેલા શબ્દો વપરાય તે વિચારવાન જૈનો કે દયાળુ મનુષ્યો કદી બોલે જ નહીં.

જે ક્ષેત્ર ( શ્રાવક ક્ષેત્ર ) ના પોષણથી જ બીજા બધા ક્ષેત્રોનું પોષણ થઇ શકે છે અને ભવિષ્યમાં પણ તેમ છે. તેના તરફ દુર્લક્ષ અપાય તે જૈનોની થતી ઉન્નતિમાં એક અવરોધ છે. ખુશી થવા જેવું છે કે આવી બાબતમાં લાગણીવાળા બંધુ નરોતમદાસ ભવાનભાઇએ મુંબઇમાં વસતા ગરીબ–મધ્યમ વર્ગના જૈનો માટેની સસ્તા ભાડાની ચાલીઓનો સ્વાલ દયાની નજરે હાથમાં લઇ મુંબઇના શ્રીમંતો તેમજ આગેવાનોનું લક્ષ ખેંચવા થોડા વખતથી પ્રયત્ન શરૂ કર્યો છે. અને જુદી જુદી અનેક રીતે પ્રયાસ કર્યા જાય છે.

મી. નરોત્તમદાસે મુંબઇની વર્ત્તમાન સ્થિતીનો ઉંડો અભ્યાસ કરી એક અપીલ તૈયાર કરી તે તરફ શ્રીમંતોનું ખાસ ધ્યાન ખેંચે છે. તે અપીલમાં તેઓ જણાવે છે કે, મુંબઇના દરેક વોર્ડમાં મળી ૨૦૪૬૦ જૈની વસ્તી છે. જે મોટે ભાગે બી. અને સી. વોર્ડમાં છે.

મુંબઇમાં છેલ્લા ત્રણ વર્ષથી જૈન પ્રજાનું જન્મ–મરણપત્રક જે જૂદું બતાવ્યું છે, જેમાં જૈનોની ૨૦૪૬૦ ની વસ્તીમાં છેલ્લા વર્ષ (૧૯૧૩) માં ૧૩૪૯ મરણ થયા છે. જ્યારે બ્રાહ્મણની ૫૩૬૫૬ ની વસ્તીમાં ૧૧૫૯ મરણ, પારસીની ૫૦૯૩૧ ની વસ્તીમાં ૧૧૪૫ મરણ અને મુસલમાનની ૧૭૯૩૪૬ ની વસ્તીમાં ૬૯૯૬ મરણ છે. આ આંકડા ઉપરથી ખુલ્લી રીતે માલમ પડે છે કે, દરેક કોમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં જૈનપ્રજા માટે મરણનું પ્રમાણ વધારે ત્રાસદાયક છે. આ મરણ પ્રમાણ સામાન્ય છે. પરંતુ માત્ર એક પ્લેગના જ મરણનો આંકડો જે કે તે અપીલમાં જુદો બતાવ્યો છે, તે તપાસીએ તો જણાય છે કે, દર હજારે બ્રાહ્મણમાં ૨-૧૪, પારસી ૦-૦૫, મુસલમાનમાં ૧-૬૫ અને જૈનોમાં ૯-૫૩ નોંધાયા છે. આ આંકડો આપણા જૈનો માટે શું દયાજનક નથી! અહિંસા પરમોધર્મ જેના રોમેરોમમાં હોવાનો હક્ક ધરાવનારા અને નિરાધાર જાનવરોના રક્ષણ માટે મગરૂરી રાખનાર જૈનનાયકો માટે કેટલી દયા ઉત્પન્ન કરનાર, અને ઊંડી અસર કરનાર છે!

આ સઘળું ખુલ્લી રીતે બતાવે છે કે, મુંબઈમાં જૈનપ્રજા માટે રહેવાના સસ્તા ભાડાના મકાનોની ખાસ અગત્યતા છે અને જે તાકીદે થવાની જરૂર છે.

# "વિવિધ વિષયો."

## લેખક—ગુલાબચંદ મુલચંદ બાવિશી. ચુડા. (હાલ) શ્રી જૈન બૉર્ડીંગ. ભાવનગર.

**પ્રિય પાઠક?**

બહિર વૈભવ અંતર સુખની કયાં યથાર્થ આરસી છે! મિયાનામાં અને હાથી ઉપર બેસી ફરનાર, છત્રચામરના અધિકારી, અને દેશપરદેશના અધિપતિ હસ્તાવદન રાખી આલ્હાદિક આનંદ ભોગવે છે, તે જોઇને હે પામર ગરીબ પ્રાણી? હે પગપાળા? તું જરાએ દિવાનો થઇશ નહિ??? સુખ દુઃખ એતો સંસારના પ્રપંચની બે પાંખો છે, અને એક સિવાય બીજું નભી શકતું નથી. ગમે તેવી રમ્યતા, ભપકો, અને ગમે તેવા વૈભવ હોય તોપણ તેમાંનું કાંઇએ સુખ નથી. જેને આપણે સુખી માનીએ છીએ, તેના દુખનો તો પાર હોતો નથી. પરંતુ મનુષ્યમાં (જીવનમાં) કોઇ એવી બે વિચીત્ર વસ્તુઓ રહી છે કે જેથી એક બીજાની સ્થિતિની સ્પર્ધા—હરીફાઇ, (Rivalry) ઘણા વરસથી જારૂ છે.

પોતાને ગમે તેવું દુઃખ હોય કિંવા સુખ હોય, પોતાની સ્થિતિ, ઘણીજ દયાજનક હોય, તો પણ શ્રીમંતથી તે ગરીબસુધી અને જ્ઞાનથી તે અજ્ઞાન સુધી, અને બીજા માણસો પાસે પોતાની સ્થિતિની શ્રેષ્ટતા બતાવવા યત્ન કરે છે. શ્રીમંત લક્ષ્મીને, ગરીબ કરકસરને, ખેડુત ખેતીને, ચાકર ચાકરીને, ટીકાકાર પોતાની ટીકાને અને ક્ષત્રી યુદ્ધને વખાણે છે, તે માત્ર આ સ્વભાવને લીધેજ છે.

પરંતુ વિચિત્ર વસ્તુ સ્થિતિને લીધે પોતાની સ્થિતિનો મનુષ્ય માત્રને અભાવ થાય છે, અને "પારકે પૈસે પરમાણંદ" જણાય છે. બહિર દેખાવમાં મોહ કેવળ નકામો છે. સર્વથા મૃત્યુ પછીજ મનુષ્ય સુખી છે કે દુઃખી છે તે વાત સમજી શકાય એવું ગ્રીસ મહાત્મા સોલનનું કહેવું અનુભવ સિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે શઠ વિધિ ?

અરે શઠ વિધિ ત્હારામાં શું સારૂં છે ? તેં કોઇપણ દિવસ કાંઇપણ સારૂં કર્યું છે ? ગુણ ત્યાં રૂપ નહી, રૂપ ત્યાં ગુણ નહી. અને ઉભયાપત્તિ ત્યાં વિયોગ. આ તારા કર્મના પરિપાકી સર્વથા બુદ્ધિનો વિપરીત ઉપયોગ કરવામાંજ તારૂં કૌશલ્ય છે ? અથવા તારા અનર્થની અસભ્યતાને લીધે વીર પુરૂષો પણ તારા નિવાસ સ્થાન = લલાટમાં કર પ્રહાર કરે છે તે જ વ્યાજબી છે. હે દુર્વિદગ્ધ? આવું રૂપ, આવું શૌર્ય, આવું શરીર, આવું કુળ, આવા ગુણ, આવો અધિકાર, આવી વૃત્તિ અને અને આવું વય, આ કર્મ કરવાને તેં રચેલું કે !

મુખડા આગળ અમ્રતનો પ્યાલો ધરી વિષના ઘુંટડા પાવાના તારાં ચાતુર્યને કોટીવાર ધિક્કાર છે ?

× × ×

તમારા વિશાળ હૃદયમાં કોતરી રાખજો કે — " જ્ઞાન એ સત્તા છે. " " Knowledge is Power. "

× × ×

ઉદારતા ધન માંજ રમી રહેલી છે. નિર્ધનમાં સમાએલી ભાગ્યેજ સો માં એક બે જોવામાં આવે છે.

× × ×

" દગો કીસીકા સગો નહી " તે કહેવત તદ્દન સત્ય છે

× × ×

માતા પિતાએ જે કર્યાં, આજ લગી ઉપકાર,
લેશ માત્ર સમજે નહીં, મુરખનો સરદાર,

**ભાવાર્થ:**—જેનાથી આ જગતમાં ઉત્પન્ન થયો અને જેણે પાળી પોષી સર્વ વાતે લાયક બનાવ્યો એવા માત પિતા કે જેણે નીશદીન અનેક જાતની ચિંતા અને વ્યાધી વેઠી તન મન અને ધન સાથે સુખના સાધન પુરા પાડ્યા છે, એવા એવા અસંખ્ય ગુણોની અંતઃ કરણમાં ગણત્રી નહી કરતાં તેને વિસરી જાયછે એટલુંજ નહીં પણ તેની લાજ મર્યાદા કે આજ્ઞા પાળતો નથી, તે મનુષ્ય ખરેખર મુરખ સમજવો.

\+ + +

ક્રોધ તે બોધની રોધછે ક્રોધજ સજ્જન ઘાતી
ક્રોધ તે નરકનું બારણું ક્રોધ દુરીજન પક્ષપાતી

**ભાવાર્થ**—ક્રોધથી બોધનો અટકાવ થાય છે, ક્રોધ સજ્જનનો ઘાત કરનાર છે, ક્રોધ અધમગતિનું દ્વાર છે, અને ક્રોધ પાપનો પક્ષપાત કરનાર છે. શાંતિને ગુમાવવી અને શૌર્યને ગુમાવવું એ સરખુંજ છે, જેટલે દરજ્જે શાંતિ ખોઇ બેસાય છે, તેટલા પ્રમાણમાં શૌર્યને પણ ખોઇ બેસાય છે, જેને શૌર્યની આવશ્યક્તા છે, જેને મહાનમાં મહાન મહાન કાર્યોને સિદ્ધ કરી બતાવવા છે, જેને અંતઃકરણની ઉચ્ચતાનો અનુભવ કરવો છે, અને જેને વ્યવહાર કે પરમાર્થના મહાન કાર્યોમાં વિજય મેળવવો છે, તેમણે તો શાંતિનો લોપ કદાપિ પણ કરવોજ નહિ.

× × ×

જેમ વ્યવહારિક કાર્યો સાધવામાં શાંતિ દેવીની જરૂર છે, તેમ પારમાર્થિક કાર્યોમાં પણ તેજ શાંતિ દેવીની જરૂર છે. ઇષ્ટ ચિંતન કરવા બેસો તે વખતે તમારૂં શરીર, મન, અને ઇંદ્રિયો, શાંત

For Private And Personal Use Only

થાય તે માટે પ્રયત્ન કરવા પડે છે, અને તે જે [illegible] એટલેજ (શાંતિ દેવી પ્રસન્ન થાય છે. ત્યારે) અગાઉ પગલું ભરી શકાય છે, માટે શાંત સ્થિતિની દરેક મનુષ્યને જરૂરીયાત છે. શાંત સ્થિતિ રાખવી એ એક પ્રકારનું કાર્યોસિદ્ધિ કરવાનું સામર્થ્ય અપાવનાર શૌર્યને સાધવા તુલ્ય છે.

જેને આ જગતમાં જન્મીને કાંઈ મેળવવાની જીજ્ઞાસા છે, તેમણે તો પ્રથમ શાંતિ દેવીને વશ કરવાના જ યત્નો શરૂ કરવા-અને તેને વશ કરવી. શાંતિને વશ કરવાથી જે મેળવવાની જીજ્ઞાસા (Curiosity) હોય છે તે મળી શકે છે. શાંતિ ન ધારણ કરવાથી ભાગ્યેજ કોઇ પોતાના કાર્યોમાં ફત્તેહ મેળવી શકે છે.

× × ×

**ગઝલ, કવાલી.**

સ્વભાવે હોય જે બુરા, બને તેના ખરે ચુરા.
સુખીની જીભ જો ઝેરી, મુલક તેનો બધો વેરી;
વિના વિદ્યા હૃદય સુનું, વિના પુત્રેજ ઘર સુનું,
વિના દામે નગર સુનું, ખરે નીતિજ તે જાણે;
સર્વનો એક છે રસ્તો, પ્રભુના [1]દ્વાર જોવાનો,
રહે જો ગાફલતમાં તું, ગુમાવ્યું તે ગુમાવ્યું તે,

**લેખક.**

× × ×

છેવટે તમો ધ્યાનમાં રાખજો કે:-જ્યાસુધી આ દેહ નિરોગી છે, અને આપણા હાથમાં છે, તે અરસામાં આપણે આપણું હિત સાધી લેવું જોઇએ, કેમકે મૃત્યુ નજીક આવ્યા પછી કોટી ઉપાયે હિત સધાવાનુ નથી માટે ખાસ ધ્યાનમાં રાખજો કે ડો૦ દ૦ ડા૦ કહે છે કે:—

કાળા કેશ મટી ગયા, સર્વે બનિયા શ્વેત,
જોબન જોર જતું રહ્યું ચેત ! ચેત ! નરચેત !

---

## પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું

## (વ્યાખ્યાન ૬ ઠું.)

## નીતિનું કિંચિત્ સ્વરૂપ.

(ગતાંક પૃષ્ટ ૧૩૯ થી શરૂ.)

### શ્રીમાન્ ગાયકવાડ સરકાર મહારાજા !

**આપની ધર્મવિષયક શ્રવણાભિલાષા થવાથી, દેવ, ગુરૂ અને ધર્મના સંબંધ કહી બતાવ્યાં, પછી સાધુના આચારનું કિંચિત્ સ્વરૂપ તથા ગૃહસ્થના આચારનું કિંચિત્ સ્વરૂપ ત્યારબાદ પાંત્રીશ નીતિઓમાંથી ત્રણ નીતિનું સ્વરૂપ કિંચિત્**

---

૧ પ્રભુના દ્વાર એટલે પોતપોતાના ઇષ્ટદેવ જ્યાં ચિરકાળથી બીરાજેલા હોય, તેમના દર્શન કરી પાવન થવાનો રસ્તો શુભ અને નિર્દોષ રસ્તો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર કહી બતાવ્યું. હવે આ... કિંચિત્ સ્વરૂપનું છઠ્ઠું વ્યાખ્યાન કહું છું, તે સાંભળી વિચાર કરવો તે તો આપ બુદ્ધિમાનોને આધીન છે.

## मंगलाचरणम्.

नमोत्रिकारवृक्षाणां, मूलादुन्मूलनाय च ॥
दुःखदारिद्र दुर्भिक्ष, भेदनायमहात्मने ॥ १ ॥

અર્થ—ઇન્દ્રીઓના વિકારરૂપ વૃક્ષને મૂળથી ઉખેડી નાખનાર, દુઃખ, દારિદ્ર, દુર્ભિક્ષના છેદનાર એવા મહાત્મા પુરૂષને મારો નમસ્કાર થાઓ.

### હવે ચોથા ગુણનું કિંચિત્ સ્વરૂપ.

**પાપભીરૂ**—જે કર્મના કરવાથી નરકાદિ ગતિને પ્રાપ્ત થાય, તેનું નામ પાપ કહીએ. તેનાથી ડરવાવાળો હોય.

વાદી વૈતાલ શ્રી શાંતિસૂરિ મહારાજે ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે કેઃ—

इहपरलोगावाए, संभावेत्तो नवट्टई पावे ॥
बीहइ अयसकलंकातो, खलुधम्मरहीभीरु ॥ १ ॥

અર્થ—આ લોકના અપાયો જે રાજનિગ્રહાદિ તથા પરલોકના અપાય નરકગમનાદિનો વિચાર કરતો થકો પાપમાં પ્રવૃત્તિ ન કરે, તથા અપયશ કલંકથી પણ અવશ્ય ડરે. પાપ કરવાથી આ લોકમાં પણ મોટા–મોટાઓને વિટમ્બનાઓ થયેલી છે. શ્રી જિનમંડનગણિ મહારાજે શ્રાદ્ધગુણ વિવરણમાં કહ્યું છે કેઃ—

द्युताद्राज्यविनाशनं नलनृपः प्राप्तोऽथवा पाण्डवा ।
मद्यात्कृष्णनृपश्च राघवपिता पापर्द्धितो दूषितः ॥
मांसाच्छ्रेणिकभूपतिश्च नरके चौर्याद्धि नष्टा न के ।
वेश्यातः कृतपुण्यको गतधनोऽन्यस्त्रीमृतो रावणः ॥ १ ॥

**અર્થ**—નળરાજા તથા પાંડવો જુગારના વ્યસનથી રાજ્યના નાશને પ્રાપ્ત થયા. રાઘવપિતા શિકારના વ્યસનથી રાજ્યથી ભ્રષ્ટ થયા. રાજગ્રહી નગરીના રાજા શ્રેણિક મહારાજા માંસના વ્યસનથી નરકને વિષે પ્રાપ્ત થયા. ચોરીના વ્યસનીઓ કોણ નાશને પામ્યા નથી! અર્થાત્ ચોરીના વ્યસનીઓ સર્વ આ લોકમાં તેમજ પરલોકમાં દુઃખી થાય છે. વેશ્યાના વ્યસનથી કૃતપુણ્યક નામનો શેઠીઓ નિર્ધન થઈ બહુ દુઃખને પ્રાપ્ત થયો, પરસ્ત્રીના લંપટપણાથી રાવણ મૃત્યુને પાત્ર થયો. આ પ્રમાણે પાપના સેવવાથી આ લોકમાં ને પરલોકમાં દુઃખ થાય છે, માટે પાપના કારણોનો અવશ્ય ત્યાગ કરવો. તે કારણો મુખ્ય સાત છે. સૂક્તાવલિને વિષે કહ્યું છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



द्युतं च मांसं च सुरा च वेश्या पापार्द्धिचौरीपरदार–सेवा ।
एतानि सप्त व्यसनानि लोके घोरातिघोरं नरकं नयन्ति ॥१॥

અર્થ—૧ જુગાર રમવો, ૨ માંસ ખાવું, ૩ મદિરા પાન કરવું, ૪ વેશ્યા ગમન, ૫ શિકાર, ૬ ચોરી, ૭ પરસ્ત્રીગમન–જગત્‌ને વિષે આ સાત કુવ્યસનના સેવવાથી ઘોરમાં ઘોર નર્કને પ્રાપ્ત થાય છે.

ઉપર કહેલાં કેટલાંક કારણોથી પાપભીરૂ પુરૂષોએ અવશ્ય પાપનાં કારણોનો ત્યાગ કરવો જોઇએ.

## હવે પાંચમા ગુણનું કિંચિત્ સ્વરૂપ.

## પ્રસિદ્ધ દેશાચાર આચરણ નામે પાંચમો ગુણ.

જે દેશમાં પોતે રહેતો હોય, તે દેશના લોકોને સંમત ભોજન, વસ્ત્ર, ક્રિયારૂપ વ્યવહારાદિ જે દેશાચાર હોય તેનું ઉલ્લંઘન કરવાથી તે દેશના રહેવાવાળા લોકોથી વિરોધ થાય માટે લોક વિરૂદ્ધ કાર્ય ન કરે. શ્રાદ્ધગુણ વિવરણમાં કહ્યું છે કે—

लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात् ॥
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥ १ ॥

અર્થ—જે કારણથી સમગ્ર ધાર્મિક લોકોનો આધાર ખરેખર લોક છે, તે માટે લોકવિરૂદ્ધ તથા ધર્મ વિરૂદ્ધનો અવશ્ય ત્યાગ કરવો. ॥ ૧ ॥

લોક વિરૂદ્ધ સર્વથા ન કરવું, મોટા મોટા મહાત્મા પુરૂષોએ પણ લોક વિરૂદ્ધ કાર્ય ત્યાગ કરેલ છે. શ્રી મુનિ ચંદ્રસૂરિ માહારાજે ધર્મબિન્દુની ટીકામાં કહ્યું છે કે—

यद्यपि सकलां योगी, छिद्रां पश्यति मेदिनीम् ॥
तथापि लौकिकाचारं, मनसापि न लंघयेत् ॥ १ ॥

અર્થ—યોગી પુરૂષો પૃથ્વીને છિદ્રવાળી અર્થાત્ જગત્‌ને દૂષિત જુએ છે. તો પણ લૌકિકાચારનું મને કરીને પણ ઉલ્લંઘન કરતા નથી. ॥ ૧ ॥ દેશાચારનું ઉલ્લંઘન ન કરવાથી લોકોમાં યશ પ્રાપ્ત થાય. કહ્યું છે કેઃ––

समाचारन् शिष्टमतः स्वदेशाचारम् यथौचित्य वशेन लोके ॥
सर्वाभिगम्यो लभते यशांसि, स्वकार्यसिद्धिश्च गृहाश्रमस्थः ॥ १ ॥

અર્થ—ગૃહસ્થાશ્રમમાં રહેલો પુરૂષ શિષ્ટ પુરૂષને માનનીય એવા પોતાના દેશાચારને યોગ્ય રીતે આચરણ કરતો થકો લોકોમાં સર્વેને માનનિક થાય છે, અને યશ તથા પોતાના કાર્યની સિદ્ધિને પણ મેળવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હવે છઠ્ઠા ગુણનું કિંચિત્ સ્વરૂપ.

### અવર્ણવાદ કોઇના ન કહેવા, એ છઠ્ઠો ગુણ.

પારકી નિંદાથી અપયશ, તથા દુઃખાદિને પ્રાપ્ત થાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય માહારાજે પુષ્પમાળામાં કહ્યું છે કેઃ—

सुट्ठुविगुणे धरंतो, पावइ लहुअत्तण अकित्तिं च
परदोस कहा निरए, उक्करिसपरो अ सगुणेसु ॥ १ ॥
आयरइ जइ अकज्जं अन्नो किं तुज्झ तत्थ चिंताए
अप्पाणं चिअ चिंतसु, अज्जावि वसगं भव दुहाणं ॥ २ ॥
परदोसं जंपंतो, न लहइ अत्थं जसं च पावेइ
सजणंपि कुणइ सत्तुं, बंधइ कम्मं महाघोरम् ॥ ३ ॥
समयंमि निग्गुणेसुवि भणिया मज्झत्थ भावणा चेव
परदोस गहणं पुण, भणियं अन्नेहिंवि विरुद्धम् ॥ ४ ॥

અર્થ—સારા ગુણોને ધારણ કરતા છતાં, પણ પારકા દોષ કહેવામાં રસક અને પોતાના ગુણનો ગર્વ કરનાર પુરૂષ લઘુતા અને અપયશને પામે છે. ૧

અન્ય કોઇ જો કર્મના વશથી અકાર્ય કરતો હોય, તેની તારે ચિંતા કરવાનું શું પ્રયોજન છે? તું તો અદ્યાપિ પર્યંત સંસારમાં જન્મ મરણના દુઃખને વશ પડેલા પોતાના આત્માનીજ ચિંતા કર. ૨

પારકા દોષને કહેવાથી તું નથી મેળવતો દ્રવ્ય, કે નથી મેળવતો યશ; ઉલટું સ્વજનોને શત્રુ બનાવે છે અને દુઃખદાયી મહાઘોર કર્મને બાંધે છે. ૩

શાસ્ત્રોમાં નિર્ગુણી જનો ઉપર પણ મધ્યસ્થ ભાવના રાખવી કહી છે અને પરદોષ ગ્રહણ કરવાનું તો અન્યમત વાળાઓએ પણ વિરૂદ્ધ જ કહ્યું છે, તો વીતરાગ ભગવાનના માર્ગમાં કહેવુંજ શું ?

પારકી નિંદામાં પણ રાજામંત્રિ આદિની તો વિશેષે કરીને નજ કરવી. ધર્મ બિન્દુમાં કહ્યું છે કેઃ—

न पर–परिवादा–दन्य, द्विद्वेषणे परं भेषजमस्ति
राजादिषु तु वित्तप्राण–नाशादिरपि दोषः स्यात् ॥ १ ॥

અર્થઃ—દુશ્મનાઇની વૃદ્ધિ થવામાં પારકી નિંદા સિવાય અન્ય કોઇ ઐાષધ ( સબળ કારણ ) નથી. તથા રાજા મંત્રિની નિંદાથી તો ધન અને પ્રાણનો પણ નાશ થાય છે માટે પારકી નિંદા સર્વથા ન કરવી. એટલુંજ નહિં પણ પોતાની શ્લાધા પણ ન કરવી. પોતાના મુખથી પોતાની શ્લાધા કરનાર જગતમાં યશને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થતો નથી. દ્વાદશ કુલક વૃત્તિમાં કહ્યું છે કે—

परेण परिख्यातो निर्गुणोऽपि गुणी भवेत् ॥
शक्रोपि लघुतां याति, स्वयं प्रख्यापितै र्गुणैः ॥ १ ॥
आत्मोत्कर्षं विनापि स्यात् गुणतो गौरवं जने
नहि भास्वान्निजाभासः कदाचिदपि शंसति ॥ २ ॥

અર્થ:—બીજાએ કરીને જે પ્રસિદ્ધ થાય તે નિર્ગુણી પણ ગુણવંત કહેવાય છે. પોતાની મેળે પોતાના ગુણોનું વર્ણન કરતાં ઇંદ્ર પણ લઘુતાને પામે છે.

પોતાના ગુણોની ઉત્કર્ષતા ( મોટાઇ ) કર્યાં વિના પણ લોકોમાં ગુણોથી ગૌરવતાને પામે છે. દૃષ્ટાંત જેમ સૂર્ય પોતાના પ્રકાશને કદાપિ પણ વખણાતો નથી. (૨)

આ ઉપર કહેલા હેતુથી કદાપિ પોતાની સ્તુતિ તથા પરનિંદા કદી પણ ન કરવી.

## સાતમા ગુણનું સ્વરૂપ.

**ગૃહસ્થને યોગ્ય ઘર.**

ગૃહસ્થ અનેક પેસવા નીકળવાના દ્વારોથી રહીત મકાનવાળો હોય. કારણ કે જો ઘરમાં પેસવા નીકળવાનાં ઘણાં દ્વાર હોય તો જેઓના આગમન અને પ્રવેશની ખબર પડતી નથી તેવા દુષ્ટ લોકોના આવવાથી સ્ત્રી વિગેરેને પરાભવરૂપ ઉપદ્રવ થાય છે. આ ઠેકાણે ઘરનાં અનેક દ્વારોનો નિષેધ થવાથી ગૃહસ્થ નિયમિત દ્વારથી સારી રીતે રક્ષણ કરાએલા ઘરવાળો હોવો જોઇએ, એવું અહીં તાત્પર્ય છે. તેવા પ્રકારના ઘરને પણ અનુચિત સ્થાનમાં નહિ બાંધતાં ઉચિત સ્થાનમાંજ બાંધવું યુક્ત છે; તે સ્થાન આ પ્રમાણે છે. અસ્થિ, રાખ, ખાતર, વિગેરે દોષ અને નિષેધ કરેલ આય ( દ્રવ્ય ) થી રહિત હોય તથા ઘણી દૂર્વા, અંકુરો, દર્ભનો ગુચ્છો, સુંદર વર્ણ, તથા ગંધવાળી માટી હોય, સારા સ્વાદ યુક્ત પાણીનો ઉદ્ગમ હોય અને નિધાનવાળું હોય તેને યોગ્ય સ્થાન કહે છે. કહ્યું છે કે—

शीतस्पर्शोष्णकाले याऽत्युष्णस्पर्शा हिमागमे ॥
वर्षासु चोभयस्पर्शा सा शुभा सर्वदेहिनाम् ॥ १ ॥

**ઘર બાંધવાની જગ્યા કેવી જોઇએ?**

અર્થ—" ઉષ્ણ કાળમાં શીત સ્પર્શવાળી, શીતકાળમાં ઉષ્ણ સ્પર્શવાળી અને વર્ષાઋતુમાં ઉષ્ણ તથા શીત એ બન્ને સ્પર્શવાળી હોય તે ભૂમિ સર્વ પ્રાણીઓને કલ્યાણકારી થાય છે." પ્રથમ ભૂમિને એક હસ્ત પ્રમાણ ખોદી પછી તે ખાડાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે રેતીથી પૂરી દેતાં જો રેતી વધી પડે તો શ્રેષ્ટ ઓછી રહે તો હીન, અને બરોબર થાય તો સાધારણ ( મધ્યમ ) ભૂમિ સમજવી.

જે જમીનમાં વાવેલી ડાંગેર વિગેરે ત્રણ દિવસમાં, પાંચ દિવસમાં અને સાત દિવસમાં ઉગે તે ભૂમિ અનુક્રમે ઉત્તમ, મધ્યમ, અને હીન, એમ ત્રણ પ્રકારની છે; અથવા જે જમીન દિગ્મૂઢ કરનારી ન હોય, અર્થાત્ જે જમીનમાં ઉભા રહેવાથી દિશાઓની ચોક્કસ ખબર પડતી હોય, ચારે બાજુ સરખી હોય, સુંદર આકૃતિ હોય, ત્રીજે દિવસે બીજને ઉગાડવાવાળી હોય અને પૂર્વ, ઇશાન, તથા ઉત્તર દિશા તરફ જળાશય યુક્ત હોય તે જમીન શ્રેષ્ટ ગણાય છે; ઈત્યાદિ સ્થાન માટે અન્ય શાસ્ત્રથી જાણી લેવું. સ્થાનના ગુણ દોષોનું જ્ઞાન તો શકુન, સ્વપ્ન, દૈવપ્રશ્ન અને નિમિત્ત વિગેરેના બળથી થાય છે. સ્થાન સંબંધી નિષેધ તો આ પ્રમાણે છે.

" જે સ્થાનમાં વૃક્ષ અને ધ્વજા વિગેરેની પહેલા તથા છેલ્લા પહોર શિવાયની બીજા અને ત્રીજા પહોરની છાયા પડતી હોય તો તે છાયા નિરંતર દુઃખ આપનારી થાય છે, ખજુરી, દાડમ, કેળ, બોરડી, અને બીજોરાનું વૃક્ષ જે ઘરમાં ઉત્પન્ન થાય છે તે ઘરનો મૂળથી નાશ થાય છે. તેથી આ વૃક્ષોના કાષ્ટનો પણ ત્યાગ કરવો. કોઇ કહે છે કે ઘરની પૂર્વ દિશાએ વડ, દક્ષિણ તરફ ઉમરડો, પશ્ચિમ દિશાએ પીપળો, અને ઉત્તર તરફ પીપેર હોય તો તે પ્રશંસનીય છે. ગૃહસ્થ તીર્થંકરની પીઠ, શંકર તથા સૂર્યની દૃષ્ટિ, વાસુદેવની ડાબી બાજુ, અને બ્રહ્માની દક્ષિણ બાજુનો ત્યાગ કરી મકાન બંધાવે. બીજે સ્થળે પણ કહેલું છે કે " જિનેશ્વરની પીઠ, સૂર્ય તથા શંકરની દૃષ્ટિ અને વિષ્ણુની વામ બાજુનો ત્યાગ જોઇએ." ચંડી સર્વ દિશાએ અશુભ છે, અને બ્રહ્મા સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. અરિહંતની દૃષ્ટિ તથા દક્ષિણ બાજુ અને શંકરની પીઠ તથા વામ બાજુ હોય તો કલ્યાણ કરનાર, અને તેથી વિપરીત દિશાએ હોય તો ઘણું દુઃખ આપનાર થાય છે; પરંતુ જો વચમાં માર્ગ હોય તો કાંઈ પણ દોષ લાગતો નથી. જિનેશ્વરની પીઠ આ દોષ ચૈત્યની ત્રણ બાજુ મૂર્ત્તિ રાખવાથી ટાળવામાં આવે છે. સ્થાન સારૂં હોય તો પણ ઘર નિર્દોષ કરવું જોઇએ. કહ્યું છે કે—

पुरिसव्व गिहस्संगं, हीणं अहिअं न पावए सोहं ॥
तम्हा सुध्दं कीरइ, जेण गिहं हवइ रिद्धिकरं ॥ २ ॥

**નિર્દોષ ઘર.** **અર્થઃ**—" ન્યૂનાધિક શરીરવાળા પુરૂષની પેઠે ઘરનું પ્રમાણ ન્યૂનાધિક હોય તો શોભા પામતું નથી, તેથી જો ઘર નિર્દોષ કર્યું હોય તો તે ઋદ્ધિ કરનાર થાય છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી–બીજોરી, કેળ, દાડમ, જંબીર, આંબલી, બાવળ, બોરડી અને ધંતુ-રાના કાષ્ટનો પણ ત્યાગ કરે. ઉપર જણાવેલા વૃક્ષોનાં મૂળીયાં પાડોશને લીધે જેના ઘરમાં ગયાં હોય, અને તેમની છાયા જેના ઘર ઉપર પડતી હોય તેના કુળનો નાશ થાય છે. પાષાણુમયસ્તંભ, પાટડા, છત, બારશાખ, અને ઉત્તરંગ, એ સર્વ ગૃહસ્થોને હાનિકારક છે, પણ ધર્મસ્થાનમાં તે સુખ આપનાર છે. પાષાણુમય પ્રાસાદ કે ઘરમાં કાષ્ટના સ્તંભાદિકનો અનેક કાષ્ટમય પ્રાસાદ કે ઘરમાં પાષાણુના સ્તંભાદિકનો ગૃહસ્થોએ પ્રયત્નથી ત્યાગ કરવો જોઇએ. દેવમંદિર, કૂપ, વાપિકા, શ્મશાન, મઠ અને રાજમંદિરના પાષાણુ, ઇંટો અને કાષ્ટ ગૃહસ્થે બાંધ કામમાં સરસવ માત્ર પણ લેવા યોગ્ય નથી. ગોળાકાર, ખૂણા રહિત, સાંકડુ એક બે કે ત્રણ ખૂણાવાળું અને દક્ષિણ તથા વામ બાજુ દીર્ઘ હોય એવા ઘરમાં વાસ કરવો યોગ્ય નથી. જે ઘરનાં દ્વાર આપોઆપ બંધ થાય છે, અને ઉઘડે છે તે અશુભ ગણાય છે.

**ઘરને ચિત્રનો પ્રકાર.**

અને ઘરના મૂળ દ્વારમાં ચિત્ર તથા કળશ આદિની વિશેષ શોભા કરવી તે શુભ ગણાય છે. જોગણીનાં નાટક, ભારત, રામાયણ, રાજાનાં યુદ્ધ, ઋષિ ચરિત્ર અને દેવ ચરિત્રનાં ચિત્રો ઘર ઉપર ચિતરવાં યોગ્ય નથી, ફળયુકત વૃક્ષ, પુષ્પ, વેલડી, સરસ્વતી, નવનિધાન યુકત લક્ષ્મી, કળશ, વધામણાં અને સ્વપ્નોની શ્રેણી; એ મકાન ઉપર ચિત્ર્યાં હોય તે શુભ ગણાય છે. મકાન પૂર્વ તરફ ઉન્નત હોય તો, દ્રવ્યની હાની કરનાર; દક્ષિણ તરફ ઉન્નત હોય તો દ્રવ્યની સમૃદ્ધિ કરનાર, પશ્ચિમ તરફ ઉન્નત હોય તો વૃદ્ધિ કરનાર અને ઉત્તર તરફ ઉન્નત હોય તો

**લક્ષ્મીની વૃદ્ધિ તથા હાનીનો પ્રકાર.**

વસ્તીનો નાશ કરનાર થાય છે, નગર કે ગામના ઈશાનાદિક કોણમાં બાંધવું નહીં. કારણ કે તે સત્પુરૂષોને માટે અશુભ ગણાય છે. પણ અંત્યજ જાતિને માટે તો ( લક્ષ્મી આદિની ) વૃદ્ધિ કરનાર છે.

વળી ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ કરવાનો ઉપાય આ પ્રમાણે છે—

‘ જે ઘરમાં વેધાદિક દોષ ન હોય, સઘળો કાટ માલ નવો હોય, ઘણાં દ્વાર ન હોય, ધાન્યનો સંગ્રહ હોય, રકતવર્ણની યવનિકા હોય, જ્યાં દેવતા પૂજાતા હોય, આદરપૂર્વક ઉત્સવ થતો હોય, સારી રીતે ઘરનો કચરો દૂર થતો હોય, મોટા નાના વિગેરેની સારી વ્યવસ્થા હોય દીપક બળતો હોય, રોગીનું પાલન થતું હોય, અને શ્રમ પામેલાની ચાકરી થતી હોય તેવા ઘરમાં લક્ષ્મી વાસ કરે છે.

ઘરની વ્યવસ્થા નીચે જણાવ્યા પ્રમાણે હોવી જોઇએ. તેને માટે ‘ વિવેક વિલાસમાં કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूर्वस्यां श्रीगृहं कार्य-माग्नेय्यां च महानसम् ॥
शयनं दक्षिणस्यां तु, नैऋत्यामायुधादिकम् ॥ ३ ॥
भुजिक्रिया पश्चिमायां वायव्यां धान्यसंग्रहः ॥
उत्तरस्यां जलस्थान-मीशान्यां देवतागृहम् ॥ ४ ॥

**ઘર કરતી વખતે વ્યવસ્થા કેવી રાખવી તે.**

**અર્થ**—" લક્ષ્મીનું સ્થાન પૂર્વ દિશામાં, રસોડું અગ્નિ કોણમાં, શયન, દક્ષિણ દિશામાં, શસ્ત્રાદિક નૈઋત્ય કોણમાં ભોજન ક્રિયા પશ્ચિમ દિશામાં, ધાન્ય સંગ્રહ વાયવ્ય કોણમાં, જળનું સ્થાન ઉત્તર દિશામાં, અને દેવનું મંદિર ઇશાન કોણમાં કરવું. ૩–૪ "

**વળી સ્થાન કેવા પ્રકારનું હોવું જોઇએ તે સ્પષ્ટ રીતે દર્શાવે છે.** અતિ પ્રગટ અને અતિ ગુપ્ત સ્થાનનો નિષેધ હોવાને લીધે સ્થાન અતિ પ્રગટ અને અતિ ગુપ્ત ન હોવું જોઇએ. તેમાં અતિ પ્રગટ હોય તો નિશ્ચે સમીપમાં બીજાં ઘર ન હોવાને લીધે, અને ચારે તરફ ખુલ્લું હોવાને લીધે ચોરાદિકથી પરાભવ થાય, અને અતિ ગુપ્ત હોય તો, ચારે તરફનાં બીજાં મકાનોથી ઘેરાયલું હોવાને લીધે શોભાને પામતું નથી, અને અગ્નિ વિગેરેના ઉપદ્રવ વખતે મકાનમાં મુશ્કેલીથી પેસી કે નીકળી શકાય છે.

**મકાન કેવા સ્થાનમાં હોવું જોઇએ.**

જ્યાં સુંદરશીલ વિગેરેથી અલંકૃત પાડોશી વસતા હોય, તેવા સ્થાનમાં મકાન હોવું જોઇએ. જો ખરાબશીલ ( આચાર ) વાળા પાડોશી હોય તો ખરેખર તેમના આલાપ સાંભળવાથી અને ચેષ્ટા વગેરે જોવાથી સદ્દગુણી પુરૂષના પણ ગુણની આપોઆપ હાની થઇ જાય છે. ઉત્તમ સાધુના ઉપાશ્રયની પાસે રહેલા હાથીને સાધુના દર્શનથી, દયાના પરિણામ થયા હતા અને પાછળથી સૂકરીના રહેઠાણ પાસે કરેલી હસ્તીશાળામાં રહેવાથી, તેજ હાથી દયા રહિત થયો હતો. વળી ગાયો ચારનાર સંગમને સારા પાડોશીનો યોગ મળવાથી તે પરલોકમાં શાળિભદ્રપણે ઉત્પન્ન થયો હતો.

આગમમાં નિષેધ કરેલા દુષ્ટ પાડોશીઓ આ પ્રમાણે છેઃ—

" દાસી, તિર્યંચોથી પોષણ કરનાર, તાલાચર ( તાબોટા પાડીને ફરવાવાળા મસ્કરા ), સ્મશાન, મૃગલાં વિગેરેને પાસામાં નાખનાર ( પારધી ) વ્યાધ, શીકારી વિશેષ ( જનાવરોની મદદથી શિકાર કરનાર ), હરિ કેશ ચંડાળ વિશેષ, ભિલ્લલોકો, માછી, જુગારી, વેશ્યા, નરજાતિ વિશેષ, ભાટ, અને કુકર્મ કરવાવાળા પુરૂષોના ઘર તથા દુકાનનો પાડોશ અને તેની મૈત્રીનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ઘર દેવળની પાસે હોય તો દુઃખ ચતુષ્પથ ( ચોકમાં ) હોય તો હાની ધૂર્તના મકાન પાસે હોય તો પુત્રનાશ અને મંત્રીના મકાન પાસે હોય તો દ્રવ્યનો નાશ થાય છે. મૂર્ખ, અકર્મી, પાખંડી, મર્યાદારહિત, ચોર, રોગી, ક્રોધી, અંત્યજ, અહંકારી, ગુરૂની શય્યા સેવનાર, શત્રુ, સ્વામિવંચક, શિકારી, સાધુ ઇત્યાદિ સ્ત્રી તથા બાળકને ઘાતકરનાર, અધમ પુરૂષોના પાડોશ આત્માનું હિત ઇચ્છનાર બુદ્ધિમાન પુરૂષે ત્યાગ કરવો જોઇએ. ઇત્યાદિ શાસ્ત્રોથી જાણી લેવું. इति सप्तम गुणः ॥ इत्यलं ॥

शेहेर रतलाममें उपधान वहननो क्रिया संपूर्ण थतां दरम्यान मुनिराजश्री वल्लभविजयजोका शिष्य मुनिराजश्री सोहंविजयजीकु दीया हुवा गणीपद.

## ( गणिपद प्रदानके समय मुनि महाराज श्री हंसविजयने दिया हुवा बोध. )

श्री वीरः सर्व विद्द्याद्रि धावैरिजयश्रियम् ॥ त्रिजगज्जनरक्षायां ॥ जागर्त्येकोपियोद्भुतम् ॥ १ ॥ जयंतु गुरवस्तेङ्घि । करुणा वरुणालयाः ॥ कल्पवल्लीवयद्भक्ति । र्व्यनक्तिनिखिलाः श्रियः ॥ २ ॥ रत्नद्वीपोपमंप्राप्य । नृभवं भववारिधौ ॥ धर्मचिन्तामणिर्ग्राह्यः सुधियाऽभीष्टसिद्धये ॥ ३ ॥

सज्जनो! आजरोज अपण इहांपर एकत्र हुवे है, इसका कारण तों आप लोकोके जाणनेमें आया ही होगा तथापि जीनोको मालुम न हो उन माहाशयोंके जाणनेके लिये में निवेदन करता हुं की मुनि सोहणविजयजी तपश्चर्या पूर्वक अनेक सूत्रका पठन पाठनकी योग्यताको प्राप्त हुवे है तथा अंदाज दो महिने तक इनोने माहानिषिथ सूत्रका आराधन निमित्त आचाम्ल तप कीया है तेसेही श्री भगवती सूत्रका स्वाध्याय पूर्वक छमासी तपका प्रारंभ करके इसी सूत्रके योगोद् वहनसे गणिपदको योग्यताको पहोचे है इसलीये कदरदान श्री संघने अठाइमहोत्सव पूर्वक इनोको उक्तपद अर्पण करनेका निश्चयको या इस वास्ते अपण सर्व इहांपर हाजर हुवे है महाशय आप जाण गयेकी संघने जो इरादा कीयाथा सो सफल भी कर लीया है. अब

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री संघ तरफसे इस माहात्माको कुछ निवेदन करना चाहता हुं सो माहात्मा ध्यान देकर श्रवण करे ॥ माहात्मन् आपको पन्यास संपतविजयगणिने योगोद्वहनकी शुभ क्रिया करवाके उच्च पदपर पहोचाय दिये है. इस पदको पाकर संतोष मानकर बेठ रहना उचित न समजे इस पदको हांसल करनेवालेके शिर अनेक शुभ फरजां बजानेकी हे जैसे आस्मानमें चढे हुवे सूर्य चंद्रको राहुकी आफत है तैसे उच्चपद आरुढको अनेक आफते दूर करके तथा अपनी पदवी दीपाके आत्मोन्नति करनेकी आवश्यकता है. माहाशय प्रथम तो कुसंप नाबुद करके सर्व समुदायके साथ संप रखनेकी ही जरूरत हे देखीए एक कवीने कहाली हे)

संप करे किम्मत वधे, घटे करे मन रीस,
थाय अंक मुख फेरवे, त्रेसठना छत्रीश ॥ १ ॥

माहात्मन् जैसे त्रेसठको अंकका मुख फीराय देनेसें छत्तीस बन जाता है तैसेही रीस करके जो कुसंपसें मुख फीराय लेता है उसकी किम्मत याने लायकी घट जाती है और संप रखनेंसे किम्मत वधती हे याने उसकी बमी कदर होती है. संप एसा स्तुतिपात्र है की उसका वर्णन करनेको मेरे पास पूरता शब्द अमोल नही हे संप बिना हरेक तरेंकी उन्नतीकी आशा वंध्या पुत्र जैसी हे। (कोसी संघ के हीमायतीने कहा भी हे की)

बल निष्फल हिमत विना । वंश संप विन व्यर्थ ।
वित्त व्यर्थ विद्या विना । अगुणे इलम अनर्थ ॥ १ ॥

माहानुभाव जैसे हिम्मत विना बल निरर्थक हे, विद्या विना द्रव्य व्यर्थ हे, निर्गुणको मीला हुवा इलम अनर्थकारी हे। तैसेही संप विना वंशकी पायमाली होती हे । इसलिये संप हे वांही सुख और श्रेय हे । संप विना आबादी । उन्नती ओर सद्गुण प्राप्तिकी आशा आकाशकुसुम जैसी व्यर्थ समजना इसलिये कोसीके साथ विरोध न रखना. देखीए शास्त्रकार माहात्माओका भी ए ही फरमान हे।

बहुभिर्नविरोधव्यं दुर्जयोहि महाजनः ।
स्फुरन्तमपिनागेंद्रं । भक्षयंति पिपीलिकाः ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कदापि बहुत लोकोके साथ विरोध नही करना क्युंकी माहाजन बमा दुर्जय हे देपीये फुंफामा मारता नागेंद्रको नी वणी कीमीयां नक्षण करजाती है ॥ और नी सुणीओ,

वहु नाम समर्थाना ! समुदायो हिदुर्जयः ॥
तृणैरावै छृतारज्जु । जायते नाग बंधनम् ॥ १ ॥

असमर्थ नी बहुत लोक इकठे हो जाय तो यह समुदाय बमा दुर्जय हो जाता है जैसे घासके त्रणोसे बनाया हुवा रज्जु रस्सा हाथीको नी बंधन करनेको समर्थ होता है इसलिये कहा हे की.

समं तु समुदायेन । विरोधो जायते तदा ॥
यदा नाग्य विपर्यासो । नृणामुदयमाश्रयेत् ॥ १ ॥

जब प्राणीयोका नाग्य विपरीत होता हे तबही समुदायके साथ विरोध होता हे इसलिये सर्वके साथ मीलके रहना चाहीये. क्युंकी संप नही वहां जंप नही । और जंप नही वहां सुख तो होवे हो कैसे । इसलिये संप विनय नम्रता रखके अपनी फरज अदाकरते रहे. देखीए जैसे फल आनेसे आम्रवृक्ष जुकता रहता हे तेसे ही मुनिजनोको गुण बहु मान प्राप्त होनेसें अनिमान पर न चढकर । नम्र स्वनाव रखना उचीत हे अब मे छेवट ए ही सलाह देता हुं की आपने अनेक कष्ट सहन करके यह पद हांसील कीया हे उसका सुंदर फल चतुर्विध श्री संघको चखाके सब जहानका नला करनेमें तत्पर रहे.

## વર્તમાન સમાચાર.

## धामणोदमे नीकली हुइ अपूर्व जैनमूर्त्तिके दर्शनार्थ–रतलामसें मुनि महाराज श्री हंसविजयजीका गमन.

अशोक वृक्षः सुरपुष्पवृष्टि–र्दिव्य ध्वनिश्चामरमासनं च ।
नामंमलं दुंदुनिरातपत्रं, सत् प्रातिहार्य्याणि जिनेश्वराणाम् ॥ १ ॥

इस काव्यमें दर्शाये हुवे दिव्य आठ महा प्रातिहार्य्यका कोतर काम

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सहित–रतलाममें चार गाउ ( चार कोष ) के फासलेपर धामणोद गाममें जिनेश्वर जगवान्की प्राचिन मूर्त्ति जमिनमेंसें प्रगट हुइ हे.

इस अद्भुत जगवानकी जव्य प्रतिमाजीके दर्शनके वास्ते मुनि महाराज श्री हंसविजयजी आदि मुनिराज पधारे थे इस प्रसंगपर रतलामके जंडारीजी आदि बहुत श्रावक लोक हाजर हुवेथे. इस बातकी खबर मिलतेगा, सेलानेसे बक्षिजी आदि नामांकित श्रावक श्रावीकाए जी आयेथे और जी सेमलिया पंचेरूके श्रावक लोग आयेथे; पूजा तथा स्वामीवात्सल्य कियाथा. महाराजश्रीका व्याख्यान सुनके धामरूोदके ढुंढक जाइओंने जी यात्रीयोंकी खानपानादि से स्वागत कियाथा वहांसे पंचेरू नामली सेमलिया वांगरोद आदि ग्रामोंमें जैन चैत्योंके दर्शन करते हुवे तथा ढुंढकादिकोंको धर्मोपदेश देते हुवे महाराज श्री रतलाममें वापिस पधारे हैं यहांपर हालमें पन्यासजी संपतविजयजी उपधान क्रिया करा रहा हैं ॥ मैं सब ग्राम नग्रोंके स्वधर्मी भ्राताओंसे प्रणाम पूर्वक अर्ज करता हूं कि आप अवश्य इस अपूर्व मूर्त्तिके दर्शन करके मनुष्य जन्म सफल करें ॥

(प्रतापगढसे मुनि वंदनार्थे श्रावक लोकोका रतलाममें आगमन और विद्यार्थीओको ईनाम. )

प्रताबगढके श्रावक मुनि माहाराज श्री हंसविजयजी पन्यासजी-श्री संपतविजयजीके दर्शनके लिये पधारेथे. व्याख्यानमें प्रजावना बांटी गईथी, तथा आत्मानंद जैन श्वे. पाठशालाके विद्यार्थीयोंको घीया लक्ष्मीचंदजीके तर्फसे महाराजश्रीके हस्तकमलसे घीयाजी कृत हिन्दी जैन पृथम पुस्तककी प्रतियें पारितोषिक देनेमें आईथी तथा कन्याओंको साध्वी श्री कल्याणश्रीके हाथसें दी गईथी ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શહેર ભાવનગરમાં સંપૂર્ણ થએલ

# ઉપધાન તપની ક્રિયા.

શહેર ભાવનગરમાં મહામહોપાધ્યાય શ્રીમદ્ વિરવિજયજી મહારાજ અને પં. શ્રી દાનવિજયજી મહારાજના સદુપદેશ અનુસાર ગયા કારતક શુદી ૧૦ ના રોજથી ઉપધાન વહન કરવાની ક્રિયા શરૂ કરવામાં આવી હતી. જે ગયા માગશર વદ ૧૨ ના રોજ નિર્વિઘ્ને સંપૂર્ણ થઈ. અને છેવટે માળ પહેરવાનું છેલ્લું માંગલિક કાર્ય ઉત્સાહ પૂર્વક સંપૂર્ણ થયું હતું. અને છેલ્લા દિવસોમાં શ્રી પાંચ અનુત્તર વિમાનની રચના સાથે અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો. અને છેલ્લે દિવસે સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત તમામ બાબતનો ખર્ચ અત્રેના સ્વર્ગવાસી ગૃહસ્થ શેઠ આણંદજી પરશોતમના સુપુત્રો શેઠ ગીરધરલાલ, કુંવરજી, ગુલાબચંદ, અને ચુનીલાલ, વગેરે તરફથી કરવામાં આવ્યો હતો.

પોતાના સ્વર્ગવાસી પિતાની પાછળ કરેલા ધાર્મિક કાર્યોમાં આ એક ઉત્તમ કાર્યનો વધારો કર્યો છે. જેથી ખુશી થવા જેવું છે.

## શહેર ભાવનગરથી શ્રી સિદ્ધાચલજીનો છરી પાલતો નીકળેલો સંઘ.

આ માસની શુદ ૫ સોમવારના રોજ અત્રેના શ્રી સંઘમાંના અગ્રેસર અને વિદ્વદર્ય સ્વર્ગવાસી શા. ઝવેરભાઇ ભાઇચંદના સુપુત્ર ભાઇ ફતેચંદ ઝવેરભાઇએ પોતાના પિતાના શુભ સંકલ્પ અનુસાર અને તેમની આજ્ઞા મુજબ પોતાના તરફથી શ્રી સિદ્ધાચલજી છરી પાલતા સંઘ કાઢવામાં આવ્યો હતો.

ગયા ચાતુર્માસમાં અત્ર ચાતુરમાસ રહેલા શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરના શિષ્ય પરમ ઉપગારી ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ વિરવિજયજી મહારાજ તથા શ્રીમદ્ પં. દાનવિજયજી મહારાજ વીગેરે તેમજ શ્રીમદ્ મુળચંદજી મહારાજ શ્રીમદ્ વૃદ્ધિચંદજી મહારાજ તેમજ શ્રીમદ્ ઝવેરસાગરજી મહારાજ એ ચારે મહાત્માઓના શિષ્ય પરિવાર મલી સાધુ સાધ્વીના એકંદર વીશ થાણા અને સુમારે એક હજાર શ્રાવક શ્રાવિકાના મળેલા ચતુર્વિધી સંઘ સાથે વરતેજ, દેવગાણા, ટાણા, બુઢણા થઇ પોશ શુદ પ્રથમ ૧૦ શનીવારના રોજ સવારના ૧૧ વાગે શ્રી સિદ્ધાચલજી સંઘ પહોંચ્યો હતો. રસ્તાના દેવગાણા-વીગેરે ગામોમાં તથા શ્રી સિદ્ધાચલજી પહોંચ્યા તે દિવસે ઉકત સંઘવી ફતેચંદ ઝવેરભાઇ તરફથી ચતુર્વિધી સંઘની યથાશકિત ભકિત સ્વામીવાતસલ્ય પૂજા ભણાવવા વગેરે વગેરે કાર્યો કરવામાં આવ્યાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજાના કાર્ય માટે ભાવનગર શહેરના રાજ્ય ગાયકોને વિવિધ વાજીંત્રો સાથે સાથે લેવામાં આવ્યા હતા. જેથી તે સ્થળોએ જૂદી જૂદી તેમજ બીજે દીવસે બીજી પોશ શુદ ૧૦ને રવીવારના રોજ સિદ્ધાચલજી ઉપર નવાણું પ્રકારની પૂજા સંઘવી તરફથી ભણાવવામાં આવી હતી જે દરેક પૂજાઓમાં અપૂર્વ આનંદ થયો હતો, રથયાત્રા પણ તેજ દિવસે કરવામાં આવી હતી અને છેવટે પોશ શુદી ૧૧ ના રોજ શ્રી સિધાચળજી ઉપર ઉકત સંઘવીએ તેમજ તેમની માતુશ્રી લઘુ બંધુ જાદવજી વીગેરે તિર્થમાળ ગુરૂસમક્ષ વીધી પર્વક પહેરી, તિર્થમાળ પહેરનાર સર્વેએ યથાશકિત વ્રત પચ્ચખાણ કર્યા હતાં.

સંઘવી ફતેચંદ ઝવેરભાઇ પોતે ધર્મશ્રદ્ધા અને ધર્મની સમજવાળા હોવાથી કોઇ જાતની વ્યવસ્થાના કાર્યમાં ભાગ ન લેતા માત્ર આત્મ ધર્મ સાધવામાં જ મશગુલ હતા. આવા ઉત્તમ કાર્યો કરતાં આવી વૃત્તિનાં પ્રાણીઓ પોતાનું ખરેખરૂં હિત સાધી શકે છે. આડંબરી, માનભૂખ્યા, એક ગણું કરી સો હજારગણું બતાવનારા અને વ્યવસ્થા વીગેરેમાં માથું મારનારા મનુષ્યો જોઇએ તેવો લાભ મેળવી શકતા નથી.

પોતાના પિતાના ફરમાનને માન આપી ઉદાર દીલેથી ખર્ચ કરી આવું ઉત્તમ કાર્ય કરવા માટે મી. ફતેચંદને અમો ધન્યવાદ આપીએ છીએ અને છેવટે સ્વર્ગવાસી ઝવેરભાઇ ભાઇચંદના સુપુત્રો ફતેચંદ વીગેરેને સુચના કરીએ છીએ જેમ આવા ઉત્તમ કાર્યોમાં ઉદારતા બતાવી પિતાની આજ્ઞા સાથે આત્મ ધર્મ સાધ્યો છે, તેમ જૈન સમાજની સ્થિતી સુધારણા માટે અથવા કેળવણી જેવા મહાન્ કાર્યને માટે ભવિષ્યમાં એવોજ ઉદાર હાથ લંબાવી એક સારૂં કાર્ય પોતાના પિતાની ખ્યાતિમાં વધારો કરવા માટે કરશે એવી આશા રાખીએ છીએ.

## સભાની લાયબ્રેરી માટે નીચેના પુસ્તકો ભેટ આવ્યા છે, જે ઉપકાર સહ સ્વીકારીએ છીએ.

શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી શ્રી ઉપદેશ રત્નાકર.

| | |
|---|---|
| શ્રીયક મુનિ કયવન્તા શેઠ ઇ. ની કથા.<br>નવપદની ઓળી વીધી.<br>સ્વરોદય જ્ઞાન. | શ્રાવક ભીમશી માણેક મુંબઇ તરફથી. |
| શ્રી કુલક સંગ્રહ.<br>શત્રુંજય મહા તિર્થાદિ વિચાર.<br>ચૈત્યવંદન સ્તુતિ-સ્તવનાદિ સંગ્રહ. | શ્રી મ્હેશાણા શ્રેયસ્કર મંડળ તરફથી. |

For Private And Personal Use Only